KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

નાનકડાં પગલાં સાથે શરૂ થઈ શિક્ષણની સુવર્ણ સફર

પ્રેમ, હૂંફ અને આનંદ વચ્ચે પ્રિ-પ્રાઇમરીના ભૂલકાંઓનું ઉષ્માભર્યું સ્વાગત











પ્રિ-પ્રાઇમરી વિભાગમાં નવા શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રારંભે નવા વિદ્યાર્થીઓનું તિલક, ફૂલવર્ષા અને મીઠાઈથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. બાળકોનો શૈક્ષણિક વાતાવરણનો પ્રથમ અનુભવ ખૂબ સરસ રહ્યો.

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર ખાતે પ્રવેશોત્સવને વિશેષ ઉજવણીનું રૂપ આપી સર્જનાત્મક પ્રવૃત્તિઓ, રમતગમત અને પોષણયુક્ત નાસ્તા દ્વારા નાનાં ભૂલકાંઓને પ્રેમ, હૂંફ અને આનંદથી ભરેલા શૈક્ષણિક વાતાવરણ સાથે પરિચિત કરાવવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ શિક્ષકોના સુંદર આયોજન અને વાલીઓના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો.









KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

દાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ

યુનિવર્સિટી મેરિટમાં ઝળહળી કપડવંજ કોલેજની પ્રતિભા

એમ.કોમ.ના 28 વિદ્યાર્થીઓ પ્રથમ 10 મેરિટમાં; નાજેમા ઘાંચી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ

શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ (સેલ્ફ ફાઈનાન્સ)ના એમ.કોમ. સેમિસ્ટર-2 ના 22 અને સેમિસ્ટર-4 ના 6 વિદ્યાર્થીઓએ એપ્રિલ-2026માં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલી એમ.કોમ. પરીક્ષામાં પ્રથમ 10 મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું.



સેમ-૨ ના વિદ્યાર્થીઓમાં નાજેમા એમ. ઘાંચીએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી.







આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ કોલેજ પરિવાર અને કપડવંજ કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९० जुन २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

સક્ષમ શિક્ષકો, સમૃદ્ધ ભવિષ્ય - શિક્ષકોના સર્વાંગી વિકાસ માટે KKMની સતત પ્રતિબદ્ધતા

130 શિક્ષકો અને સ્પોર્ટ્સ ટ્રેનરો માટે તજજ્ઞો દ્વારા શ્રેણીબદ્ધ તાલીમ કાર્યક્રમો

દર વર્ષની જેમ આ નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક વિભાગના ૧૩૦ શિક્ષકોની ક્ષમતા વધારવા તથા પી.ટી. શિક્ષકો અને સ્પોર્ટ્સ ટ્રેનરોની વ્યાવસાયિક ક્ષમતા વધારવાના ઉદ્દેશ સાથે શ્રેણીબદ્ધ કેપેસિટી બિલ્ડિંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.





તા. 3 જૂનથી 17 જૂન, 2026 દરમિયાન આયોજિત જીસીઆરટીના તથા વિવિધ વિષયોના નિષ્ણાતો દ્વારા આ તાલીમોમાં બાળમાનસની સમજ, પરિવર્તન વ્યવસ્થાપન, 21મી સદીના કૌશલ્યો, સહઅધ્યયન પદ્ધતિ, પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN), પી.ટી. શિક્ષકો માટે અસરકારક પાઠ આયોજન, વોર્મ-અપ અને કુલ-ડાઉન તેમજ અભ્યાસક્રમ અને પ્રવૃત્તિ આયોજન જેવા વિષયો પર પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ તાલીમો દ્વારા શિક્ષકોને વિદ્યાર્થીઓની જરૂરિયાતોને વધુ બારીકાઈથી સમજીને વર્ગખંડમાં તથા મેદાન પર નવીન, સર્જનાત્મક અને વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ પદ્ધતિઓનો અમલ કરવાની પ્રેરણા મળી તથા શારીરિક શિક્ષણને વધુ આયોજનબદ્ધ, પ્રવૃત્તિ આધારિત અને અસરકારક બનાવવાની નવીન પદ્ધતિઓની ઊંડી સમજ પ્રાપ્ત થઈ.









KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९० जुन २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

સ્વસ્થ જીવન તરફ કદમ: આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ ખાતે 'Yoga for Healthy Ageing' થીમ આધારિત વિશેષ શિબિરમાં કોલેજના એન.એસ.એસ. (NSS), એન.સી.સી. (NCC) અને સ્પોર્ટ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, કપડવંજના યોગ ટ્રેનર ડૉ. જયવિનેન્દ્રસિંહ ઝાલાએ ઉપસ્થિત સૌને વિવિધ આસનો અને પ્રાણાયામ કરાવ્યા તથા સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદિક પીણાંનું વિતરણ કર્યું.

નાનાં ભૂલકાંઓનાં યોગાભ્યાસની અદભુત ક્ષણ

પ્રિ-પ્રાયમરીના બાળકોને સરળ યોગાસનો, પ્રાણાયામ અને સ્વાસ્થ્ય માટે યોગના મહત્વથી પરિચિત કરાવી યોગ દિવસની ઉજવણી કરી.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

“જો બાળકો મ્યુઝિયમ સુધી ન પહોંચી શકે, તો મ્યુઝિયમ બાળકો સુધી પહોંચે”

તા. 22-23 જૂન, 2026 દરમિયાન KKM કેમ્પસ ખાતે Citi-CSMVS – સિટી બેન્ક ગ્રુપ – છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, મુંબઈ દ્વારા ‘મ્યુઝિયમ ઓન વ્હીલ્સ’ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ અનોખી પહેલ દ્વારા વિદ્યાર્થીઓને ઇતિહાસને પ્રત્યક્ષ જોવા અને સમજવાની યાદગાર તક મળી.



કાર્યક્રમની સિદ્ધિઓ

- 2,000+ વિદ્યાર્થીઓએ ‘મ્યુઝિયમ ઓન વ્હીલ્સ’ની મુલાકાત લઈ પ્રાચીન અવશેષો નિહાળ્યા
- 700+ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વિવિધ શૈક્ષણિક વર્કશોપમાં ઉત્સાહભેર ભાગ લીધો
- 30 જેટલા પ્રાચીન અવશેષો અને હડપ્પા-સિંધુ સરસ્વતી સંસ્કૃતિ સંબંધિત દુર્લભ સામગ્રી પ્રદર્શિત

શિક્ષક વર્કશોપ

શાળાઓના શિક્ષકો માટે વિશેષ યોજાયેલ વર્કશોપમાં શિક્ષકોને સામાજિક વિજ્ઞાન (Social Science) વિષયને એક્ટિવિટી બેઇઝ અને ઇન્ટરેક્ટિવ પદ્ધતિ દ્વારા વધુ સરળ, રસપ્રદ અને જ્ઞાનવર્ધક રીતે ભણાવવાની પ્રાયોગિક તાલીમ પ્રદાન કરવામાં આવી.





રાજ્ય કક્ષાના અધિકારીઓની મુલાકાત



આ કાર્યક્રમ દ્વારા KKM ની શૈક્ષણિક પ્રતિબદ્ધતા અને નવીન અભ્યાસક્રમ કાર્યોએ કપડવંજની સરહદ ઓળંગીને ઉચ્ચ સ્તરે પ્રશંસા પ્રાપ્ત કરી. જેમાં રેવેન્યુ વિભાગના સંયુક્ત સચિવ શ્રી એસ.વી. પરમાર તથા નાયબ સચિવ શ્રી શૈલેષભાઈ દેસાઈ એ Museum on Wheels ની રૂબરૂ મુલાકાત લઈ, KKM ના આ પ્રયાસ બદલ વિશેષ પ્રોત્સાહન આપ્યું.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી સી. એન. વિદ્યાલય

સરકારીશ્રી દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-2026 માટે શ્રી સી. એન. વિદ્યાલયની પસંદગી

શ્રી સી. એન. વિદ્યાલય ખાતે તા. 23 જૂન, 2026ના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના રેવન્યુ વિભાગના મુખ્ય સચિવશ્રી એસ. વી. પરમાર, નાયબ સચિવશ્રી શૈલેષભાઈ દેસાઈ તેમજ કપડવંજ ક્લસ્ટરના બી.આર.સી. શ્રી કંદર્પભાઈ જોશી અને સી.આર.સી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી.







મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક કિટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ બોર્ડ પરીક્ષાઓ અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે કપડવંજ કેળવણી મંડળના મંત્રી શ્રી અનંતભાઈ શાહ અને શ્રી ગૌતમભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ શાળા પરિવારના સુંદર આયોજન અને સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९० जुन २०२६


प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

જડાવબા શિશુ કેન્દ્ર

નાનકડા હાથોમાં ખીલ્યું વિજ્ઞાન

શ્રી જડાવબા શિશુ કેન્દ્રના બાલમંદિર વિભાગમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં ડૉ. સામત રામા રામ અને શ્રી અંકિતભાઈ પિયુષભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા.







સિનિયર કેજીના 35 નાનકડા બાળકોએ રંગો, પાણી, હવા અને દૈનિક જીવન સાથે સંબંધિત સરળ તથા સુરક્ષિત વૈજ્ઞાનિક પ્રયોગો રજૂ કરી પોતાની જિજ્ઞાસા, આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા પ્રદર્શિત કરી. બાળકોની ઉત્સાહભરી રજૂઆતથી સમગ્ર વાતાવરણ





જીવંત બન્યું. શિક્ષકોના સુંદર આયોજન અને વાલીઓના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો તથા બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો સંદેશ પ્રબળ બન્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કલા ક્ષેત્રે ઝળહળ્યું શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

શિક્ષિકા પન્નાબેન પરીખ અને વિદ્યાર્થી નિવાન જોશીને મળ્યો વિશેષ એવોર્ડ

શ્રી જડાવબા શિશુ કેન્દ્રના 177 બાળકોએ ગુજરાત રાજ્ય ચિત્રકલા સંઘ આયોજિત ચિત્રકલા સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધામાં શિક્ષિકા પન્નાબેન એન. પરીખને 'બેસ્ટ ટીચર એવોર્ડ' અને વિદ્યાર્થી નિવાન આર. જોશીને 'બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ' પ્રાપ્ત થયો.





૩ જી મે, ૨૦૨૬ના રોજ આણંદ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં કપડવંજના ગૌરવ સમાન ચિત્રકાર સોમાલાલ શાહના નામે એનાયત થતા એવોર્ડ, પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બંનેનું સન્માન કરવામાં આવ્યું.

કપડવંજ કેળવણી મંડળના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીમાં નવા હોદ્દેદારોની વરણી

કર્મચારીઓને ઓછા વ્યાજે લોન મળે એ માટે ૪૨ વર્ષ પહેલા દુરંદેશી કર્મચારીઓએ બનાવેલ કપડવંજ કેળવણી મંડળ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ની ૪૩મી વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૬ થી ૨૦૩૧ ના કાર્યકાળ માટે નવી કારોબારી કમિટીના ૧૫ સભ્યોની વરણી કરવામાં આવી.

કર્મચારીઓને ઓછા વ્યાજે લોન મળે એ માટે ૪૨ વર્ષ પહેલા દુરંદેશી કર્મચારીઓએ બનાવેલ કપડવંજ કેળવણી મંડળ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ની ૪૩મી વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૬ થી ૨૦૩૧ના કાર્યકાળ માટે નવી કારોબારી કમિટીના ૧૫ સભ્યોની વરણી કરવામાં આવી.

નવનિયુક્ત હોદ્દેદારોને કારોબારીના સભ્યો તેમજ મંડળીના સભ્યો દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા અને તેમના સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૦ જુન ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

નાની વાતો.. મોટી અસર..

કોણ કહે છે કે આજની પેઢીના બાળ યુવાનો (આલ્ફા જનરેશન)માં લાગણી નથી?

ઘણીવાર આપણે કહીએ છીએ કે આજકાલના બાળકો સ્ક્રીનની દુનિયામાં ખોવાયેલા રહે છે, તેમનામાં સંસ્કાર કે લાગણીઓ ઓછી થઈ રહી છે... પણ કપડવંજ કેળવણી મંડળ કેમ્પસમાં બનેલી એક નાનકડી ઘટનાએ સાબિત કરી દીધું કે, લાગણી અને ગુરુ પ્રત્યેનો આદર કોઈ જનરેશનના મહોતાજ નથી હોતા!

શું બની હતી ઘટના?

કેમ્પસમાં શ્રીમતી સી.ડી. ગાંધી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની સામે પાણીની લાઈનનું કામ ચાલતું હોવાથી એક લાંબો ખાડો ખોદવામાં આવ્યો હતો. રિસેસનો સમય હતો, બાળકો રમી રહ્યા હતા. એવામાં શાળાના ચાર માસૂમ બાળકોની નજર એમના શિક્ષકો પર પડી. શિક્ષકોને ખાડો ઓળંગીને એક બાજુથી બીજી બાજુ જવામાં તકલીફ પડી રહી હતી.



હાર્દ ભટ્ટ, સમર્થ પટેલ, મનન પરમાર, આરવ આચાર્ય

બાળકોએ માત્ર જોયું નહીં, પણ સંવેદના અનુભવી!


આ ચાર દીકરાઓએ તકલીફ જોઈને મોઢું ફેરવી લેવાને બદલે તેનું 'સોલ્યુશન' શોધવાનું નક્કી કર્યું. ચારેય જણાએ ભેગા મળીને પ્લાન બનાવ્યો :

- બાજુમાં પડેલું એક મોટું લાકડાનું પાટિયું ઉપાડી લાવ્યા.
- તેને ખાડા પર વ્યવસ્થિત ગોઠવીને એક નાનકડો 'બ્રિજ' (પૂલ) તૈયાર કર્યો.
- એટલું જ નહીં, શિક્ષકો પડી ન જાય તે માટે બ્રિજને માટીમાં મજબૂત રીતે ખોસ્યો, આજુબાજુ માટી નાખી અને નીચે પથ્થરોનો સપોર્ટઆપીને એકદમ સુરક્ષિત રસ્તો બનાવી આપ્યો.



ગુરુ-શિષ્યના આ પવિત્ર સંબંધને અને કપડવંજના આ ચારેય 'લિટલ હીરોઝ'ની સંવેદનશીલતાને કોટિ-કોટિ સલામ. આવા બાળકો જ આવતીકાલનું ઉજ્જવળ અને સંસ્કારી ભારત છે.

તસવીર જે દિલ જીતી લે...



🌧️ ચોમાસાના 🌧️ પ્રથમ વરસાદનો આ આનંદ 🐢 અબોલ જીવો 🐢 માટે પણ અમૃત સમાન છે. કુદરતના અનોખા સંબંધને વ્યક્ત કરતી એક અણમોલ ક્ષણ ☔🌧️ 🌧️☔🌩️

તસવીર સૌજન્ય:
માનસી ત્રિવેદી
(પ્રિન્સિપાલ, શ્રી એમ.વી. પરીખ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ - નર્સરી)